સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

યાત્યો અવિરત જિંદગીમાં હવે થાકી ગયો છું,
વય-વૃક્ષે અવસ્થાથી પણ હવે થાકી ગયો છું,
ટાંકી ગયો છું અનેકવાર સંબંધોના ટાંચણ -
જિંદગીના ઢાળ-ચઢાવ, ઊંડાણ આંકી ગયો છું.

હાઈકુ

અંધકારમાં
ઓળગતું જાય છે
સૂર્યનું તેજ

ખૂટ્યું દિવેલ
કોડીયાનાં દીવડે
ને 'વાટ' કાળી....

ચિંતન

સુખમ્ આપત્તિતમ સેવ્યં દુઃખમ્ આપત્તિતં તથા ।
ચક્રવત્ત પરિવર્તન્તે, દુઃખાનિ ચ સુખાનિ ચ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલીમાંથી લેવામાં આવેલ છે.

જેમ આવેલા સુખને ભોગવવું જોઈએ તેવી જ રીતે આવી પડેલા દુઃખને પણ ભોગવવું જોઈએ. કેમ કે સુખ અને દુઃખ, ગાડાના પૈડાના આરાની પેઠે, ગોળ ગોળ ઉપરનીચે ફરતાં રહે છે. સુખ અને દુઃખ તો આવનજાવન કરનારા અનુભવો છે, એ સદા ટકતા નથી, દુઃખની આડશમાં સુખ ઊભું હોય છે, પણ આપણને તેનો અણસાર આવતો નથી. સવાર પછી સાંજ, સુદ પછી વદ, દિવસ પછી રાત, એમ ચક્કર આવતું રહે છે. ચાલતા ગાડામાં પૈડાનાં આરાની પેઠે, એક પછી એક ક્રમમાં, આ ઘટના બનતી હોય છે. આ કુદરતી પરિપાટી છે. એટલે એનો હરખ કે શોખ કરવાનું ઠીક ન ગણાય. સુખ અને દુઃખને સમતાથી ભોગવવાં જોઈએ.

સુવિચાર

- માણસ જેમ વધારે સુધરેલ તેમ વધારે અંજપાગ્રસ્ત - **ચેખોવ**
- જે આદર્શને સમર્પિત થાય છે,
  તેને કોઈ લાલચ કે વસ્તુ ડગાવી શકતાં નથી - **ડો. દિપક કાશીપુરિયા**
- જે સિદ્ધાંત અને સ્વમાન છોડે છે તેની પ્રતિષ્ઠા રહેતી નથી - **બોધિવૃક્ષ**
- જીવનમાં મનુષ્યએ દુર્ગુણરુપી કાણાં પાડવાં ન જોઈએ,
  સદ્‌ગુણો થકી જ સંસારસાગરને તરી શકાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કમિયાં સબ મેં હોતી હૈ, લેકિન નજર સિર્ફ દૂસરોં મેં આતી હૈ...! - **જીવન પાથેય**
- સ્વચ્છંદીનો વિનાસ કરવા દુશ્મનો પેદા કરવા પડતા નથી,
  પણ તે પોતે જ પોતાનો દુશ્મન થઈને સર્વ વિનાશ નોતરી બેસે છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : સોજો આવ્યો હોય ત્યારે ધાણા અને જવનો લોટ પાણીમાં મિક્સ કરી લેપ કરવાથી સોજો ઉતરે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

યોગી એ કઠોર તપ કર્યું હતું. એટલે એને એક વરદાન માગવાનો અધિકાર મળ્યો. બ્રહ્માજી પાસે જઈ એણે કહ્યું, 'હું હવામાં અધ્ધર રહી શકું એવું વરદાન માંગું છું, એ હં મારા કોઈ લોભથી કે અભિમનથી નથી માગતો, પણ એ એટલા માટે માંગુ છું કે લોકો મને હવામાં અધ્ધર જોશે તો મારી પાસે આવશે અને એમને હું ધર્મબોધ આપીશ અને તેઓ મારું માનશે અને ધાર્મિક બનશે. એટલે હું એ વરદાન મારા માટે નહિ પણ ધર્મને માટે જ માગું છું.'

બ્રહ્માજીને વિશ્વાસ બેઠો નહિ કે યોગી વરદાન ખરેખર ધર્મના પ્રચાર માટે જ માગતો હતો. જાહેરમાં હવામાં અધ્ધર રહેવામાં એનું અભિમાન હતું, ખ્યાતિ મેળવવાનો લોભ હતો, નહિ કે ધર્મની સેવા કરવાની વૃત્તિ, બ્રહ્માંજી આંખો મીંચી ને શાંત રહ્યા અને જાણે યોગીની માગણી સાંભળી ન હોય.

યોગીને પ્રકાશ લાધ્યો. બ્રહ્માનાં દર્શન કરો કે તપનું ફળ કહો કહો કે જાગેલું આત્મજ્ઞાન કહો, પણ ફરી બોલતી વખતે એણે આ પ્રમાણે માંગણી કરી : 'હે બ્રહ્માજી, હું એવું વરદાન માગું છું કે હું ફરીથી કોઈ દિવસ હવામાં અધ્ધર રહેવાનો વિચાર પણ કરું નહીં.' એ જ ક્ષણે યોગી હવામાં અધ્ધર થયો.

અફઘાનિસ્તાનનો મુસલમાન દુનિયાનો સૌથી બિનસલામત નાગરિક

તંત્રીસ્થાનેથી...

દુનિયાભરમાં હવે રાજપુરુષો અને ધર્માધ્યક્ષો કે ઉદ્યોગપતિઓ અને કલાસંસ્કૃતિ સાથે સંકળાયેલા સમુદાયને સૌથી મોટો ભય હોય તો તે ઈસ્લામિક આતંકવાદ મુજબ આચરી રહ્યો છે. ઈસ્લામને કારણે જ ઈસ્લામ ખતરામાં આવી પડ્યો હોય એવા અનેક બનાવો છાશવારે બનતા રહે છે. અફઘાનિસ્તાન પર તાલિબાને ઈસ્લામના નામે કબજો તો જમાવી દીધો પણ તાલિબાન વિરુદ્ધ 'આઈએસઆઈએસ - ખુરાસાન' નામે ઓળખાતા એના હરીફ આતંકી જૂથે તાજેતરમાં કુંદુઝની મસ્જિદમાં આત્મઘાતી હૂમલો કરાવ્યાના સગડ આખા ઈસ્લામિક વિશ્વ સામે લાલબત્તી સમાન છે. એમાં સેંકડો માણસોની હત્યા થઈ છે. આવા આતંકી હુમલા તાલિબાન શાસન પછી ઊલટાના વધશે એવી દહેશત ફેલાઈ છે. કાબુલની ઈદગાહ મસ્જિદ નજીક થયેલ વિસ્ફોટમાં મુજાહિદની દિવંગત માતાની પ્રાર્થના સભા પર હુમલો થયો હતો અને બે માણસોનાં મોત થયાં હતાં તથા ત્રણ ઘાયલ થયા હતા. આતંકના પારણા તરીકેની આંતરરાષ્ટ્રીય ઓળખ ધરાવતા પાકિસ્તાનમાં પર આતંકી હુમલાઓ સતત થતા જ રહે છે. અમેરિકા પાસેથી લખલૂટ નાણાં આતંકવાદને ડામવાના ઉદ્દેશથી જ મળતાં રહ્યાં અને એ નાણાંનો દુરુપોયગ થતો રહ્યો. ઊલટાનાં ભારત વિરોધી આતંકી જૂથો એ જ નાણાંથી પોષાતાં રહ્યાં અને કાશ્મીરમાં કાળો કેર વરતાવતાં રહ્યાં. અમેરિકાને આ મુદ્દે ભારતે વારંવાર પુરાવા પણ પૂરા પાડ્યા હોવા છતાં એ વ્યૂહાત્મક કૂટનીતિના ભાગ રુપે પાકિસ્તાનને પંપાળતું રહ્યું હતું. આખરે એને નાઈન-ઈલેવનની ઐતિહાસિક કરુણાંતિકા જોવાવારો આવ્યો હતો. ઓસામા બિન લાદેનને એ જ પાકિસ્તાને એની આર્મીની અભેદ્ય સુરક્ષામાં આશ્રય આપ્યો હતો જેના સગડ મળતાં અમેરિકાએ એને રાતોરાત ઝબ્બે કરીને પાકિસ્તાનને એની હેસિયત બતાવી દીધી હતી. પાકિસ્તાન તો દેવાળિયું રાષ્ટ્ર છે અને ત્યાં કહેવા પૂરતી લોકશાહી છે. હકીકતમાં ત્યાં આર્મી અને કુખ્યાત જાસૂસી સંસ્થાનું જ રાજ ચાલતું રહ્યું છે. ઈમરાનખાને તો તાલિબાનને વખાણવામાં કશું બાકી જ નહોતું રાખ્યું. કારણ એટલું જ કે પાક આર્મી દ્વારા જ તાલિબાન લડાકૂઓને લશ્કરી તાલીમ અપાતી રહી છે અને ખુદ પાક આર્મીના સૈનિકો જ તાલિબાનના મુખવરી હેઠલ અફઘાન સેનાને શરણે લાવવામાં કારણરુપ બન્યા હતા. આ સત્ય હવે કોઈથી પણ છૂપું નથી રહ્યું. અમેરિકાના અબજો ડોલર પાણીમાં ગયા છે, હજારો સૈનિકો શહીદ થયા છે અને લાચાર થઈને એણે અફઘાનિસ્તાનમાંથી ડેરાતંબૂ છોડીને પાછા ફરવું પડ્યું છે. આ પરિસ્થિતિ ચીન માટે ઘણી સાનુકૂળ બની ગઈ છે. રશિયા તો અમેરિકાનં જૂનું દુશ્મન છે. એ પણ અમેરિકા સામે તાલિબાનના કહેવાતા વિજયથી ખુશ થયું છે. તુર્કી સહિત કેટલાંક ઈસ્લામિક રાષ્ટ્રોને તાલિબાન શાસન સામે વાંધો નથી; ઊલટાની અપાર સહાનુભૂતિ છે. પરંતુ હજી બહુ ઓછા દેશો તાલિબાનનો વિશ્વાસ કરવા તૈયાર છે. તાલિબાને અમેરિકાની સાથે કરેલ વાટાઘાટો પૈકી મોટા ભાગનાં વચન પાળ્યાં નથી. ત્યાં સ્ત્રીઓને અધિકારો આપવાની વાત પર ઠંડુ પાણી રેડાઈ ચૂક્યું છે અને અણેરિકાના પ્રભુત્વ હેઠળના શાસન સાથે સંકળાયેલા સ્થાનિક લોકોને ઘેર ઘેર જઈ ગોળીએ દેવાની ઘટનાઓ બની રહી છે. આવા સંજોગોમાં તાલિબાનના જુદા જુદા ફિરકાઓ સત્તાની સાઠમારીમાં સામસામા આવી જતાં એક મોટો દેશ ફરી પાછો આતંક અને લોહિયાળ ગૃહયુદ્ધમાં ફેરવાઈ જાય એવી સંભાવના નકારી શકાતી નથી. ભૂખમરો અને બીમારી અટકાવવા દુનિયા મદદે આવે એવી ગુહાર લગાવાઈ રહી છે પણ તાલિબાન સમર્થક ચીનને તો એની અખૂટ ખનિજ સંપદા જ દેખાય છે અને પાકિસ્તાન સાથે મળીને પ્રતિસ્પર્ધી બનવા મથતા તથા અમેરિકાના પ્રીતિપ્રાત્ર બની ગયેલા ભારતને પાઠ ભણાવવમાં જ રસ છે. અફઘાનિસ્તાનો મુસલમાન દુનિયાનો સૌથી દુખિયારો અને બિનસલામત નાગરિક બની ગયો છે.

સર્વોત્તમ રાષ્ટ્રનું નિર્માણ એ જ આપણું લક્ષ છે

આરપાર
રાઘવજી માધડ

શારદીય નવરાત્રિના વિશ્વનામાં સૌથી લાંબા તહેવારમાં કોરાનાના કારણે નવરાત્રિ દરમ્યાન સ્કૂલ-કોલેજોમાં રજા રાખવી કે નહીં...એ પ્રશ્નનો મૂળમાંથી જ છેદ ઊડી ગયો છે !

કોરોના કાળમાં શિક્ષણ અને આરોગ્ય સેવાઓ વધુ પ્રભાવિત થઈ તે સર્વવિદિત છે.તેમાં ખાસ તો શિક્ષણને સુદ્રઢિત કરવાનો સમય હવે થાકી નહીં પણ પાકીતો ગયો છે.શિક્ષણના લાંબા વિરામ બાદ,નવું કાંઈ પણ ઉમેરતા પહેલા જે છે તેને જોવા,જાણવા ને જાળવવાની ખાસ જરૂરિયાત છે.અને તેમાં સમર્પિત શિક્ષકોના અભિપ્રાય અગત્યના બને છે.જોડો ક્યાં ડંખે છે તેની મોચીને નહીં પણ પહેરનારને જ ખબર પડે ! કોઈ ગ્રાંટાહારી ઈસમ,ગમતું ગતકડું વહેતું કરી, મહોર મરાવી મંજૂરી મેળવી લે...ભલે, જેના હાથમાં તેમાં મોંમાં અને સત્તા સામે શાણપણ નકામું...પણ જે નવું અમલમાં આવે તેનાથી છેવાડાના વિદ્યાર્થીનું કાંઈ ભલું થાય એમ છે...તે જોવું ખુબ જરૂરી છે.આજે કોરોનાકાળ પછી બદલાયેલી સ્થિતિમાં નવું કાંઈ કરતા પહેલા પણ સો વાર વિચારવા જેવું છે.ગાંધીજી કહેતા,સો ગુનોગારો ભલે છૂટી જાય પણ એક નિર્દોષ ને અન્યાય ન થવો જોઈએ. ભૂતકાળ ભવ્ય અખતરાઓથી ભરપૂર છે.નવું આવવું,ઉમેરાવું જોઈએ.પરિવર્તન એ પ્રકૃત્તિનો નિયમ છે.પ્રયોગ,પ્રોજેક્ટના ઉદ્દેશ્ય સારા જ હોય. પણ અગાઉ થયેલ કાર્યની પણ ફલશ્રુતિ જોવી, જાણવી જોઈએ. નવા વિચારની વાવણી કરવા જેટલું જ ઉછેરવું પણ એટલું જ અગત્યનું હોય છે !

વિદ્યાર્થીઓનો સ્વાભાવિક વિકાસ થાય તે આજના'સ્માર્ટફોન ને માર્કેટ ઓરિએન્ટેડ યુગમાં કોઈને મંજૂર ન હોય અથવા સમજમાં ન લેવું હોય એવું બને.પણ તેમાં કેળવણીનો કન્સેપ્ટ ઝાંખોપાંખો થતો હોય છે. કેળવણી એ માનવસશક્તિકરણ તેમજ આંતરિક પ્રદીપ્તીકરણની પ્રક્રિયા છે.જે દ્વારા વ્યક્તિ અને સમાજનું જીવન બહેતર અને ઉન્નત બની શકે છે.પ્રત્યેક વ્યક્તિ અને તેના સમુદાયના વિચારો,વાણી, વૃત્તિઓ અને વર્તનનું સાત્વિક પરિવર્તન કરવાનું કામ કેળવણી દ્વારા થાય છે.એ ઘણી જ જહેમત અને લાંબી તપસ્યા માગી લે એવું છે.જે કાર્ય શિક્ષકો કરી, નિભાવી રહ્યા છે.વિશ્વાસ રાખવો પડે.બાકી,વાવો અને ઊગી જાય એવું કયાંક ન બને.ઊગવાની ઉતાવળ હંમેશા બાવળને હોય છે ! આપણે તો આમ્રવનની અપેક્ષા રાખી છે. આપણું શિક્ષણજગત સક્રિય છે.સોશિયલ મીડિયા પર શિક્ષણની ઘણી બાબતો પ્રગટ થતી રહે છે. તેમાં એક બાબત ઘણાં સમયથી ઊડીને આંખે વળગે છે:અમને ક્લાસરૂમમાં રહેવા અને ભણાવવા દો ! આ સાથે બીજો મુદ્દો પણ ચર્ચામાં છે:છેલ્લા છ માસમાં પાર વગરના પરિપત્રો થયા ! આ બધું સાચું કે ખોટું હોય એવું માની લેવાને કોઈ કારણ નથી.પણ ગુણવત્તાના ધ્યેય સાથે કામ કરતી અનેક એજન્સીઓ વચ્ચે વર્ગખંડ ભીંસાઈ કે વિસરાઈ ન જાય તે જોવું રહ્યું. એક શિક્ષકે બળાપો કાઢતા કહ્યું હતું :'અમારે કોનું કહ્યું કરવું, માનવું...?અમારા ઉપરી કેટલા !?' એક કહેવત છે: ઝાઝી સુયાણીએ વેતર વંઠે ! અનેક આદેશાર્થીઓ તેમની સૂઝ-સમજ પ્રમાણે, નીતિ-નિયમોને આધિન અમલ કરાવવાનો પ્રયાસ કરે પણ સઘળું ઝીલવાનું, કરવાનું તો એક શિક્ષકે જ ને ! આપણે ત્યાં પીટીસીથી લઈ પીએચ.ડી.સુધીની ઉચ્ચ લાયકાત ધરાવતા ઘણાં પ્રજ્ઞાવાન શિક્ષકો છે. તેમની પ્રજ્ઞાને અવગણવાનું પાપ કોઈએ કરવા જેવું નથી. શિક્ષકને વર્ગખંડમાં સ્થિર થવા દો અને તેની સૂઝ,સમજ અને આવડત પ્રમાણે કામ કરવા દો...વોટ્સએપમાં ફરતા મેસેજ દ્વારા શિક્ષકની આ લાગણી ને માગણી હોઈ શકે !

સાધુનું કૂળ અને નદીનું મૂળ જોવા,પારખવાનું ન હોય. તંત્ર દ્વારા ઊભાં થતા માળખાના પણ મૂળના બદલે હેતુને જ જોઈએ તો શિક્ષણને ગુણવત્તાની ગોદમાં લેવા આ બધું ગોઠવાતું હશે.પણ જ્યાંથી,જે જગ્યાથી શિક્ષક કામગીરી અર્થે ગયા હોય તેમના વર્ગખંડનું શું ? ગુણવત્તા સભર શિક્ષણ માટે અનિવાર્ય છે : કોઈ વર્ગ, વિષય કે વિદ્યાર્થી શિક્ષકના શિક્ષણ વિહોણો ન રહેવો જોઈએ. અંતેતો ઉત્તમ નાગરિકના ઘડતર દ્વારા સર્વોત્તમ રાષ્ટ્રનું નિર્માણ કરવું એ જ આપણું લક્ષ છે ને !

છેલ્લે :

સંચાલકે વાલીને કહ્યું: બુક, બુટ... અહીં અંદરથી મળી રહેશે પણ શિક્ષણ માટે બહાર ટયુશનમાં જવું પડશે !

નવો યુગ, નવી દુનિયા : તો વિચારો જુના શા માટે ?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આખા જીવન દરમિયાન આપણને આપણું જીવન બદલવાની ઘણી ઓછી તક મળતી હોય છે. આપણને કેટલીયે વાર એવું લાગતું હશે કે આપણામાં જે લાયકાત છે એના કરતા આપણને ઓછું મળ્યું છે. એ પછી નોકરી હોય કે ધંધો. અને આપણી આસપાસ આપણને એવું પણ જોવા મળે છે કે જેનામાં કોઈ આવડત નથી. વધું શિક્ષણ નથી એવા માણસો આપણા કરતા ખુબ વધુ રૂપિયા કમાતા હોય છે. એના એક બે કારણો છે. જેના વિશે આપણે કદી વિચારતા હોતા નથી. એ છે પરિશ્રમ અને સાહસ. આ બે કારણોથી એ વ્યક્તિ ઓછી આવડત હોવા છતાય, ઓછું શિક્ષણ હોવા છતાંય આપણા કરતા વધુ કમાતી હોય છે. અને ત્રીજી સૌથી અગત્યની બાબત એનામાં રહેલી ''તક'' ને ઓળખવાની સમજણ. આ સંદર્ભના ઘણા ઉદાહરણો હું આપી શકું એમ છું. પણ વાત આપણાથી જ જોડાયેલી રહે તો વધુ સારું. આપણે આપણા જીવન વિશે વિચારીશું તો આપણને પણ ઘણીવાર એવી તક મળી હશે પણ આપણે એને ઓળખી નહીં શક્યા હોય અથવા એની અવગણના કરી હશે અથવા વ્યક્તિગત કે પારિવારિક વૈચારિક સંકૂચિતતાને કારણે કે આપણા ખુદના શંકાશીલ સ્વભાવને કારણે એ આવેલી ''તક''ને આપણે જવા દીધી હશે. આવા સમયે આપણે ભાગ્યને વચ્ચે લાવીને જાતને સમજાવીએ છીએ. પરંતુ ભાગ્ય પણ જે વ્યક્તિ પરિશ્રમ કરે એની સાથે જ હોય છે. એ એટલું જ સત્ય છે. અને પરિશ્રમ થકી ભાગ્યને ય બદલી શકાય છે. મારા વર્ષોના અભ્યાસથી હું સમજ્યો છું કે આપણામાં સૌથી મોટો પ્રોબ્લેમ હોય તો એ એ છે કે આપણી સામે જ્યારે પણ કોઈ નવી વાત આવે ત્યારે આપણે એને શંકાની નજરે જોઈએ છીએ. મૂલવીએ છીએ. પૂર્વાનુભવ અને અન્યના અનુભવોને ધ્યાનમાં લાવીએ છીએ. પરિણામે એ વાત આપણે જે રીતે સમજવી જોઈએ તે રીતે સમજી શકતા નથી. કેમ કે એ સમજતી વખતે આપણી બુદ્ધિના દરવાજે જ શંકાનો એક મોટો કીડો બેઠો હોય છે જે પોઝિટીવ સમજણને અંદર જવા દેતો નથી અને નકામા નેગેટિવ વાયરસો ઊભા કરીને આપણા માનસને બગાડે છે આપણને યથાવત પરિસ્થિતિમાં જ રાખે છે. અને આપણે આવેલી તકને ગુમાવી દઈએ છીએ. હું માનું છું કે આવું તમારી સાથે કેટલીયે વાર બન્યું હશે જ. અને માણસમાત્રનો સ્વભાવ છે કે જે વસ્તુમાં એક વાર છેતરાયા હોય એમાં ફરીવાર ના પડવું. અથવા જે ધંધામાં એક વાર નિષ્ફળ ગયા હોઈએ એમાં ફરીથી પ્રયત્ન ના કરવો. આવી બધી માન્યતા કે સમજણ લઈને આપણે જીવતા હોઈએ છીએ જે રીતે લાખો કરોડો લોકો જીવે છે.

મિત્રો, આપણે કદી નવું વિચારતા જ નથી. જે જિંદગી મળી છે, જે પરિસ્થિતિ મળી છે જે શિક્ષણ મળ્યું છે અનુભવો મળ્યા છે, જે સંસ્કાર મળ્યા છે જે સમજણ મળી છે એ બધુ લઈને આપણે વર્ષોથી ખુબ ઓછી આવકમાં જીવતા રહ્યા છીએ. દસ વીસ હજાર કમાવવા માટે સખત મહેનત કરીએ છીએ. દિવસના ૧૫/૧૬ કલાક નોકરી કે ધંધો કરીએ છીએ તો પણ પુરું થતું નથી. સંતાનોની સ્કૂલ ફી, હોસ્પિટલના ખર્ચા, આ મોંઘવારીમાં ઘરના ત્રણ ચાર વ્યક્તિનું પુરું કરવું કે એક બેડરૂમના નાના મકાનના હપ્તામાં જ આપણી મોટાભાગની ઉમર વિતી જતી હોય છે. બાળપણથી જ સંજોગો, પરિસ્થિતિ અને એને કારણે આપણામાં વિકસેલી અસમજણ આપણને ક્યારેય આગળ વધવા દેતી નથી. કે નવું સાહસ કરવા દેતી નથી. કેમ કે આપણી બુદ્ધિને દરવાજે ૨૪ કલાક શંકાનો એક મોટો કીડો બેઠો જ હોય છે. અને આ કીડાને સોમાંથી બે ચાર લોકો જ મારી શકતા હોય છે જે આપણી આસપાસ હોય છે આપણા કરતા ઓછી આવડત હોવા છતાંય આપણા કરતા વધુ કમાતા હોય છે.

મિત્રો, આજે ૨૧મી સદીમાં બધુ જ બદલાઈ રહ્યું છે. જે એક સમયે એસ.ટી.ડી. પીસીઓની બોલબાલા હતી, ફોન કરવા માટે લાંબી લાંબી લાઈનો લાગતી હતી તે બિઝનેશનું આજે ક્યાંય નામોનિશાન નથી રહ્યું. આવા ઘણા બિઝનેશ છે જે આજે લૂપ થઈ રહ્યા છે. આજે મોટાભાગનો બિઝનેશ ઓન લાઈન થઈ રહ્યો છે. આજે જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ ઓન લાઈન મળે છે. તૈયાર જમવાનું પણ ઓનલાઈન બુકિંગ થાય છે. જેની પાસે પોતાની એક પણ કાર નથી એ ''ઉબેર'' કંપનીમાં લાખો કાર દોડે છે અને કરોડોનો બિઝનેશ કરે છે. અત્યાર સુધી જે દુનિયાનો સૌથી અમીર વ્યક્તિ '' બિલ ગેટ્સ '' ગણાતા હતા તેના બદલે હવે જેફ બેઝોસ ગણાય છે જેઓ ઓન લાઈન શોપિંગ અને ઈ-કોમર્સનો બિઝનેસ કરે છે આ વ્યક્તિ એમેઝોનના માલિક પણ છે. બિલ ગેટ્સ બીજા નંબરે અને ફેસબૂકનો યુવાન સર્જક માર્ક ઝૂકેરબર્ગ પાંચમાં નંબરે છે. (ગુગલ જ્ઞાન)

મિત્રો, આ શું બતાવે છે ? એક વિચાર, એક આઈડિયા, એક સાહસ, એક નિર્ણય, એક નિશ્ચય આપણી આખી દુનિયા બદલી શકે છે. હવે ધંધાની પદ્ધતિ બદલાઈ છે. રીત બદલાઈ છે. કોઈ મોટો બિઝનેશ કરવા જરૂરી નથી કે લાખો કરોડો રૂપિયાનું રોકાણ કરવું જ પડે, જરૂરી નથી કે ૨૫/૫૦ લાખ નાખીને કોઈ દુકાન કે બ્યુટીપાર્લર કે રેસ્ટોરન્ટ ખોલો તો જ રૂપિયા કમાઈ શકાય. આજે દુનિયામાં ઘણા બિઝનેશ એવા છે કે એકદમ ઓછા રોકાણમાં લાખો કરોડો રૂપિયા કમાઈ શકાય છે. આજે ઓનલાઈન બિઝનેશમાં સ્કૂલોમાં અભ્યાસ કરતા છોકરાઓ ઘેર બેઠા લાખો રૂપિયા કમાય છે. જેમની પાસે માત્ર એક લેપટોપ સિવાય કશું જ નથી. પરંતુ આપણે હજીયે એ જ જુની પરંપરામાં, સમજણમાં જીવીએ છીએ. આપણે માનીએ છીએ કે ૨૫/૫૦ લાખની લોન લઈને કે ઘરના રોકીને કોઈ દુકાન ખોલીએ એને જ બિઝનેશ કહેવાય. અને આ બિઝનેશ હરકોઈ કરી શકતા નથી તેથી આવી દુકાનમાં કે કોઈ કંપનીમાં કે શૉરૂમમાં કે મોલમાં આપણે એકદમ ટૂંકા પગારમાં નોકરીએ લાગી જઈએ છીએ. અને આપણી સંઘર્ષયાત્રા શરું થાય છે. બે, પાંચ, દસ વર્ષ આમ જ નીકળી જાય છે પણ આપણે આપણા વિચારો, અસમજણ ત્યજી શકતા નથી. આપણી માન્યતાઓ છોડી શકતા નથી. કારણ આપણી બુદ્ધિના દરવાજે બેઠેલો પેલો શંકાનો મોટો કીડો. આપણે કોઈ કંપનીના માલિકની માટે ૧૨/૧૫ કલાક કામ કરીને રોજના માંડમાંડ બસો ત્રણ સો કે પાંચ સો કમાઈએ છીએ. અને આપણા જેવા ૨૫/૫૦ કે ૧૦૦/૨૦૦ કારીગરોની મહેનતને કારણે એ માલિકો સ્માર્ટવર્કથી રોજના હજારો, લાખો કમાતા હોય છે. કેમ કે આજે સ્માર્ટવર્કનો યુગ છે. ફિઝિકલી મહેનતને બદલે બુદ્ધિની તાકાતથી, ટીમવર્કની તાકાતથી રૂપિયા કમાવવાનો યુગ છે. ધારો કે આપણી કોઈ કંપની છે અને એમાં આપણી નીચે માત્ર ૫૦ લોકો જ રોજના ૮/૧૦ કલાક કામ કરે છે તો ય આપણી માટે રોજના ૪૦૦/૫૦૦ કલાકો થાય જેનું વળતર આપણને હજારો/લાખોમાં મળે છે. પણ આવું વિચારવાવાળા કેટલા ? દુનિયામાં જે કોઈ અમીરલોકો છે તેઓ પોતાની મહેનતથી અમીર નથી થયા પણ પોતાની નીચે કામ કરવાવાળા માણસોની મહેનતથી અમીર થયા છે. ટીમવર્કથી અમીર બન્યા છે. આજે દુનિયામાં અને હવે તો ભારતમાં પણ એવા અનેક બિઝનેશ શરું થયા છે જેમાં આપણે આપણી મહેનતથી ટીમ બનાવીને હજારો/લાખો કમાઈ શકીએ છીએ. પણ આપણી માનસિકતા દુકાન, કંપની, પેઢી કે ફેક્ટરીની નોકરીની માનસિકતામાંથી બહાર જ નથી આવતી. આખી દુનિયા બદલાઈ ગઈ, આપણી સંસ્કૃતિ સુદ્ધા બદલાઈ રહી છે, બધી ટેકનોલોજી બદલાઈ રહી છે. બિઝનેશની વ્યાખ્યા બદલાઈ રહી છે પણ બિઝનેશ વિશેના આપણા વિચારો બદલાતા નથી, સમજણ બદલાતી નથી. નોકરીની (ગુલામીની) માનસિકતામાંથીઆપણે બહાર જ નથી નીકળતા અને પરિણામે આપણે દસ વીસ વર્ષ પહેલા જ્યા હતા આજે પણ ત્યા જ છીએ. અને આવનારા વર્ષોમાં પણ ત્યાં જ હોઈશું. આપણી પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો નથી. આપણે મોટેભાગે મોટા કામ એટલે કરી શકતા નથી હોતા કે એ કામ કરવાની આપણે હિંમત નથી કરતા. દરેક વખતે જુદા જુદા ધંધામાં નિષ્ફળ જવું એના કરતા એક ને એક ધંધામાં બે ચાર વાર નિષ્ફળ જવાથી — આત્મનિરીક્ષણ કરવાથી એ ધંધામાં જ જોરદાર રીતે સફળ થઈ શકાય છે પણ આપણે એવું કરવાની હિંમત અને માનસિકતા ધરાવતા હોતા નથી. કારણ કે નિષ્ફળતા એ જ સફળતાનું પ્રથમ પગથિયું છે. એ વાત આપણે ભૂલી ચૂક્યા છીએ.

તો આવો, આપણે સૌ સાથે મળીને આપણી દુનિયા બદલીએ. જીવનમાં કંઈક પરિવર્તન લાવવાની હિંમત કેળવીએ, આપણા સૌના જીવનમાં એક એવી તક આવે જેની કદાચ આપણે વર્ષોથી રાહ જોઈ રહ્યા હોઈએ. અથવા એ તક આપણી રાહ જોઈ રહી હોય. અને એ તકને ઓળખવાની ઈશ્વર આપણને સૌને શક્તિ આપે.

- 9426060601.india@gmail.com

'કંટાળા'ને કરો 'કિલ'...!

રગળપાટ
અજય ઉપાધ્યાય

ગયા લોકડાઉનની જ વાત છે. શરૂ શરૂમાં તો બહુ સારું લાગેલું કે રોજ નવી નવી વાનગીઓ ટ્રાય કરેલી... બજારમાં આવેલા નવા નવા વેબ-શો અને વેબ-સિરિઝો જોયેલી....બહુ બધા સમય સુધી ઊંઘવાનો પણ મસ્ત પ્રોગ્રામ થયેલો....લૂડો ને પત્તા ને એવી કઈક રમતો બહુ રમેલી...એય ને મોડી રાત સુધી લોકડાઉનની નીરવ શાંતિમાં ખૂબ જાગેલા પણ...પણ પછી....? એક તબક્કો એવો પણ આવેલો કે આ બધુ છેક ગળા સુધી અને લાંબો ઓડકાર ખવાય ત્યાં સુધી ઓહિયા કર્યા પછી એક અજીબ પ્રકારનો ખાલીપો.....એક અજબ પ્રકારની એકલતા મને ને તમને બધાને વીંટળાઈ વળેલી...! પંજાબી વાંનગીઓથી શરૂ થયેલી લોકડાઉન સફર પછી તો બટાકા-પૌવા ને વઘારેલી ખિચડી સુધી સીમિત થઈ ગયેલી.... લૂડો માં પણ બે જણા બીજા બે ની કૂકરીઓ પણ ચલાવવા મંડેલા....વેબ-સિરિઝો પણ નાના સ્ક્રીન પર જામતી નહોતી...ને ઊંઘવું પણ કેટલું...??? બધુ જ હતું...સમય...સુવિધા અને સગવડતા તેમ છતાં પણ ' કહી લગતા નહીં હૈ આજ દિલ મેરા 'જેવો ઘાટ થઈ ગયેલો અને લગભગ દરેક વસ્તુમાં કોમન રિપ્લાય આવતો કે ' કંટાળો આવે છે હો હવે...''..! કેમ ભાઈ....આવી સગવડિયા સ્થિતિની તો તમને કાયમી ઝંખના રહેતી અને હવે મળી છે તો કંટાળો....??? વ્હાય.....? ક્યૂ....? કેમ....? ચ્યમ....?

બિલકુલ નવરાશ ના મળે એ હદે સાધનો....સુવિધાઓ અને સગવડતાઓ વધ્યા છે. ઘણીવાર થાય ને કે એય ને આટલો ટાઈમ કે આટલી વસ્તુઓ મળી જાય તો ગંગ નાહયા....એય ને મજો કરીએ...!!! પણ ઘણીવાર એ બધુ મળવા છ્તા પણ ' મજો ' નથી મળતો હોતો એનું શું ? પણ થાય છે શું કે મર્કટ મન બહુ જલ્દી આ બધાથી ધરાઈ જાય છે કે પછી બધુ હોવા છતાં પણ કોઈ અજાણી અધૂરપનો અહેસાસ સતત થયા કરે છે. આમ તો આ પરિશ્થિતિને આપણે ' કંટાળો ' તરીકે વ્યાખ્યાયિત કરીએ છીએ પણ હકીકતે એકધારી ઘરેડવાળી જિંદગી કે સમયથી વી ધ પીપલ બહુ જલ્દી ઉકસી જતાં હોઈએ છીએ અને પછી ' બહુ કંટાળો આવે છે ' જેવુ ફિલ થવા માંડે છે. અને માઈન્ડ વેલ કે કંટાળો એ બીજું કઈ નહીં પણ એકલતાનું સહોદર જ છે. યસ, કંટાળાની સાથે સાથે જ એકલતાનો અહેસાસ પણ એટલો જ તીવ્ર બનતો જાય છે. ૫૫ ઇંચના ટીવીમાં ચાલતી સુપરહિટ સિરિયલ કે ફિલ્મ કે મેચમાં પણ પછી જીવ લાગતો નથી હોતો. ભર્યા ઘરમાં પણ એકલા હોવાનો અહેસાસ સતત ઘેરી વળતો રહે છે, બીકોઝ આ કંટાળાનો કોઈ વિકલ્પ નથી હોતો અનલેસ કે તમે એને તમારા દિલ-ઑ-દિમાગ પર હાવી ના થવા દો.

બધા જ પ્રકારના મનોરંજન અને સમયની સગવડતા હોવા છતાં પણ મન હમેશા કશુક નવું...કશુક આનાથી બહેતર માટે સતત ભટક્યા કરવાનું એ કુદરતી છે, એ કુદરતે આપણી સિસ્ટમમાં ફિટ કરેલું એક એવું માલવેર છે જે ગમે ત્યારે એક્ટિવેટ થઈ જ જવાનું અને એ એક્ટિવેટ થઈ ગયું એ ત્યારે ખબર પડે કે બધા જ પ્રકારની સુખ-સગવડ-સમય વચ્ચે પણ એ કશીક નવી ઉત્તેજના...કશુક નવું બનવાની પ્રતિક્ષા કે પ્ર્યત્નો કરતું થઈ જાય ત્યારે. આ માલવેરને એક્ટિવેટ થવા માટેનું બીજું એક સોલીડ બહાનું છે જીવનની એકધારી ઘરેડ